|| હરિઃૐ ||

# હરિઃૐ આશ્રમ, સુરતનો છેલ્લા બે વર્ષનો સંયુક્ત અહેવાલ

**તથા તા. ૩૧/૦૩/૨૦૨૨ ના રોજ અનઓડિટેડ આંકડાઓ**

પૂજય શ્રીમોટાનાં વહાલા સ્વજનોનો/આમંત્રિત મહેમાનો,

પૂજય શ્રીમોટાના ૮૪ મો સાક્ષાત્કારદિન રામનવમી મિલન સમારંભ દિન તા. ૧૦/૦૪/૨૦૨૨માં આપ સૌનું સ્વાગત કરતા આનંદ અને ઉત્સાહ અનુભવીએ છીએ. આજના મિલન સમારંભમાં આશ્રમનો અહેવાલ રજૂ કરીએ છીએ.

❀ **આશ્રમની પાયાની પ્રવૃત્તિ મૌનઓરડાઓનું સંચાલન : વર્ષ : ૨૦૨૦–૨૦૨૨**

વર્ષ દરમિયાન ૬૮૮ મૌનાર્થીએ મોનમંદિરનો લાભ પ્રાપ્ત કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| પુરૂષો | ૪૭૧ | ૨૧ દિવસ માટે.... | ૭૬ મૌનાર્થી |
| બહેનો | ૨૧૭ | ૧૪ દિવસ માટે... | ૪૯ મૌનાર્થી |
| કુલ .......... | ૬૮૮ | ૭ દિવસ માટે... | ૨૨૧ મૌનાર્થી |
| | | ૧-૨-૩ દિવસ માટે... | ૩૪૨ મૌનાર્થી |
| | | કુલ.... | ૬૮૮ મૌનાર્થી |

❀ **પુસ્તક પ્રકાશન :**

વર્ષ - ૨૦૨૦ દરમ્યાન પૂજય ભાઈશ્રી નંદુભાઈનું જીવનચરિત્ર - જીવન સાર્થકતાની કેડીએ ભાગ - ૧ અને ૨નું પ્રકાશન કરવામાં આવ્યું છે.

❀ **લોક કલ્યાણનાં કામો :**

પૂજય શ્રીમોટાના સૂચન મુજબ આશ્રમ થકી દક્ષિણ ગુજરાતના ઊંડાણના વિસ્તારમાં આવેલ શાળાઓ/આશ્રમ શાળાઓના ઓરડાઓ, રસોડા, છાત્રાલયો તથા અન્ય ભૌતિક સુવિધા માટેની આર્થિક સહાય જે તે સંસ્થાને કરવામાં આવેલ છે. આ અંગે અનુદાન આપતા પહેલા અને કામ પૂર્ણ થયે આશ્રમના પ્રતિનિધિઓ દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે. અને કાર્ય પૂર્ણ થાય બાદ જ રકમની ચુકવણી કરવામાં આવે છે.

❀ **વર્ષ દરમ્યાન લાભાર્થી સંસ્થાઓને ચૂકવેલી સહાય :**

પૂજય શ્રીમોટાના દેહત્યાગ પછીની તા. ૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં રૂપિયા ૧૮,૮૫,૦૦,૦૦૦/- ની સહાય થકી ૯૫૮૯ છાત્રાલયો, શાળાઓ, ઓરડાઓ, છાત્રાલયોનાં હોલ અને ભૌતિક સુવિધા તેમજ બાળકોમાં ગુણ અને ભાવનો વિકાસ થાય તેવી યોજનાઓ અંગે તથા રમત-કલા-વિરતા અંગેના એવોર્ડ માટે અનુદાન આપવામાં આવ્યું છે.

● શ્રી કુરૂક્ષેત્ર સ્માનશનભૂમિ જીર્ણોધ્ધાર ટ્રસ્ટને **સૂર્યોદય ઘાટ**ના બાંધકામ માટે તાપી નદીમાં ઉતરવાના દાદર તથા ઓવારાના બાંધકામ માટે રૂા. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ)ની સહાય મંજૂર કરવામાં આવી છે. જેમાંથી રૂા. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ) ની ચૂકવણી કરવામાં આવી છે.

❀ **બાળકોની નિબંધ/વકતૃત્ત્વ/ચિત્રકામ/કવીઝ/ક્રાફ્ટ સ્પર્ધા :**

ઊંડાણના ગામડાઓની શાળાઓમાં પૂજય શ્રીમોટાનાં જીવન અને કાર્ય વિષયે વિવિધ સ્પર્ધાઓમાં ધોરણ ૪ થી ૧૨ ના બાળકોએ ભાગ લીધો છે. સ્પર્ધામાં ભાગ લેનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર બાળકોને રોકડ પારિતોષિક તથા સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને આશ્વાસન ઈનામરૂપે પૂજય શ્રીમોટાનો ફોટો/સાહિત્ય આશ્રમ તરફથી ભેટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૨ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં ૧૧૧૬ બાળકોને રૂા. ૧,૨૨,૩૦૦/- ના રોકડ ઈનામ તથા રૂા. ૧૭,૫૨૦/- ની કિંમતના પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે. શાળાના કાર્યક્રમમાં આશ્રમના પ્રતિનિધિઓ હાજર રહે છે.

❀ **ગુણ અને ભાવની કદરરૂપે ભેટ અને એવોર્ડ :**

## સ્પોર્ટસ એવોર્ડસ ૨૦૨૦–૨૦૨૨

| ક્રમ | તારીખ | સ્પર્ધાની વિગત | ઉંમર | સંખ્યા | ઈનામ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૬-૦૫-૨૦૧૯ | સુરત એકવાટીક એસો. સંચાલિત રાજયકક્ષા તરણ સ્પર્ધા | --- | ૩૫૦ | ૧૪,૬૫૦/- |
| ૨ | ૨૩-૦૭-૨૦૧૯ | હરિઃૐ આશ્રમ પ્રેરિત, SMC સંચાલિત ચીમનલાલ લાપસીવાળા બાલ તરણ સ્પર્ધા | ૯ થી ૧૩ | ૧૦૪ | SMC તરફથી |
| ૩ | ૨૭-૦૧-૨૦૨૦ | શ્રીરામ સી સ્વિમિંગ કલબર, પોરબંદર આયોજીત દરિયાઈ તરણ સ્પર્ધા | તમામ | ૭૦૦ | ૨,૫૧,૦૦૦/- |
| ૪ | ૦૫-૦૧-૨૦૨૦ | હરિઃૐ આશ્રમ પ્રેરિત, વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા | ૧૪ થી ૩૫ | ૧૫ | ૨,૫૧,૦૦૦/- |
| ૫ | ૧૪-૦૨-૨૦૨૦ | ઝેડ. એમ. પટેલ વિદ્યાલય, લવાછા, દોડ સ્પર્ધા | ૬ થી ૧૨ | ૧૧૫ | ૧૧,૭૦૦/- |
| ૬ | ૦૧-૦૩-૨૦૨૦ | હરિઃૐ આશ્રમ પ્રેરિત, SMC સંચાલિત જશવંત પચ્ચીગર દોડ/સાયકલ સ્પર્ધા | ૯ થી ૧૩ | ૪૬૫ | SMC તરફથી |
| ૭ | ૦૯-૦૧-૨૦૨૨ | શ્રીરામ સી સ્વિમિંગ કલબ, પોરબંદર આયોજીત દરયિાઈ તરણ સ્પર્ધા | તમામ | ૮૨૩ | ૩,૦૦,૦૦૦/- |
| ૮ | ૦૬-૦૩-૨૦૨૨ | હરિઃૐ આશ્રમ પ્રેરિત, વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા | ૧૪ થી ૩૫ | ૨૬ | ૫,૮૪,૦૦૦/- |
| ૯ | ૧૨-૦૩-૨૦૨૨ | શ્રવણ વિદ્યામંદિર મકતમપુર, ભરૂચ સંચાલિત દોડ સ્પર્ધા | ૬ થી ૧૨ | ૩૫૬ | ૨૪,૦૦૦/- |
| | | | | કુલ રૂા. | **૧૪,૩૬,૩૫૦/–** |

ઉપર મુજબની વિગતે આશ્રમ તરફથી વર્ષ ૨૦૨૦-૨૦૨૨ દરમ્યાન સાહસના ગુણને પ્રોત્સાહન આપતાં સ્પોર્ટસ એવોર્ડસ ચૂકવવામાં આવ્યા છે. જે પૈકી હરિઃૐ આશ્રમ પ્રેરિત, વીર સાવરકર અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધાને જીવંત રાખવા માટે આશ્રમ તરફથી વિશેષ યોગદાન આપવામાં આવ્યું છે. જેમા વર્ષ ૨૦૨૦ની સ્પર્ધામાં યુવક/યુવતી બંને કેટેગરીમાં વ્યકિતગત રીતે વિજેતા દીઠ પ્રથમ રૂા. ૫૧,૦૦૦/-, બીજુ રૂા. ૩૧,૦૦૦/-, ત્રીજુ રૂા. ૨૧,૦૦૦/-, સ્પર્ધા પૂર્ણ કરનાર તમામને રૂા. ૫૦૦૦/- ના ઈનામો તેમજ વર્ષ ૨૦૨૨ની સ્પર્ધામાં યુવક/યુવતી બંને કેટેગરીમાં વ્યકિતગત રીતે વિજેતા દીઠ પ્રથમ રૂા. ૧,૦૦,૦૦૦/-, બીજુ રૂા. ૫૧,૦૦૦/-, ત્રીજુ રૂા. ૩૧,૦૦૦/-, સ્પર્ધા પૂર્ણ કરનાર તમામને રૂા. ૧૧,૦૦૦/- ના ઈનામો આપવામાં આવ્યા છે. જેમાં સ્પર્ધા વર્ષ ૨૦૨૨ના એવોર્ડની ચુકવણી સરકારી નિયમોને આધીન પેન્ડીંગ છે જે એપ્રિલ-૨૦૨૨ માં ચુકવી દેવામાં આવશે.

❀ **ગત વર્ષમાં :–**

- કોવિડ-૧૯ વેળાએ માનનીય વડાપ્રધાનશ્રીના દેશસેવાનાં એલાનનાં પ્રતિભાવમાં આશ્રમ તરફથી તા. ૩૧-૦૩-૨૦૨૦ ના રોજ PM Relief Fund માં રૂા. ૨૫,૦૦,૦૦૦/- લાખ (અંકે રૂા. પચ્ચીસ લાખ પુરા)નું અનુદાન આપવામાં આવ્યું છે.
- રેસકયુ ફાઉન્ડેશન, મુંબઈના ત્રિવેણીબહેન આચાર્ય જાનના જોખમે બહેનો, દીકરીઓને દેહ વ્યાપારમાંથી મુકિત અપાવવાનું કાર્ય નિઃસ્વાર્થ ભાવે કરી રહયા છે. તેઓશ્રીના સાહસ અને સેવાના ગુણોને બિરદાવતાં આશ્રમ તરફથી તેઓશ્રીને રૂા. ૨,૫૧,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ એકાવન હજાર પુરા)ના નારી શકિત એવોર્ડની ચુકવણી કરવામાં આવી છે.
- સુરતના આયુર્વેદાચાર્ય શ્રી બાપાલાલ વૈદ્ય નામથી સૌ પરિચિત છે. તેમની પ્રપૌત્રીઓ શ્રી અદિતી આનંદભાઈ વૈદ્ય અને શ્રી અનુજા આનંદભાઈ વૈદ્ય એ વર્ષ ૨૦૨૦ માં માઉન્ટ એવરેસ્ટ સર કરીને સુરત શહેર અને ગુજરાતનું નામ સમગ્ર દેશમાં રોશન કર્યું છે. તેમના અપ્રતિમ સાહસ અને શૌર્યને બિરદાવતાં બંને બહેનોને વ્યકિતગત રીતે રૂા. ૧,૫૧,૦૦૦/- લાખ (અંકે રૂા. એક લાખ એકાવન હજાર પુરા)ના નારી શકિત એવોર્ડની ચુકવણી કરવામાં આવી છે.
- આશ્રમ તરફથી વર્ષ ૨૦૧૫ માં નવસારી એગ્રીકલ્ચર યુનિવસીર્ટીને કૃષિ સંશોધન એવોર્ડના હેતુસર રૂા. ૩૩,૦૦,૦૦૦/- (અંકે રૂા. તેત્રીસ લાખ પુરા)નું કોર્પસ ફંડ MOU કરીને આપવામાં આવેલ. જે અંગે યુનિવર્સિટીએ કોઈ કાર્યવાહી નહિ કરતાં સદર રકમ વ્યાજ સાથે નવેમ્બર ૨૦૨૧માં પરત મેળવવામાં આવી છે.
- આશ્રમના જુના ટેલિફોન નંબરોની સેવામાં ઘણી ફરીયાદો હોવાથી જુના નંબરો રદ કરીને નવો મોબાઈલ ફોન નંબર **(M) 97277 33400** કાર્યરત કરવામાં આવ્યો છે.

❀ **જીવન સાર્થકતા એવોર્ડ વર્ષ : ૨૦૨૨**

શ્રીમતી નિરંજનાબહેન મુકુલભાઈ કલાર્થીના નામથી સૌ કોઈ પરિચિત છે. તેઓશ્રીએ પોતાનું સમગ્ર જીવન સ્ત્રીઓના ઉત્કર્ષ માટે સમર્પણ કરી દીધું છે. તેઓશ્રીની સમગ્ર જીવનયાત્રા અને સંનિષ્ઠ જીવનયોગને વંદન કરતાં, તેઓશ્રીની કન્યા કેળવણી અને સ્ત્રી ઉત્કર્ષની નિઃસ્વાર્થ સેવાઓને વંદન કરતાં આજનાં ઉત્સવમાં શ્રીમતી નિરંજનાબહેન મુકુલભાઈ કલાર્થીનું જાહેર સન્માન કરી

આશ્રમ તરફથી તેઓશ્રીને **જીવન સાર્થકતા એવોર્ડ** સાથે રૂા. ૨,૫૧,૦૦૦/- લાખ (અંકે રૂા. બે લાખ એકાવન હજાર પુરા)નું યોગદાન તથા સન્માન પત્ર એનાયત કરવામાં આવે છે.

❀ **ડિજીટલ સાહિત્ય ફંડ / વેબ સાઈટની રજૂઆત : www.hariommota.org**

USA સ્થિત શ્રી એન.સી.પટેલે દૂરંદેશીપૂર્વકના આયોજનથી આશ્રમ સાથે પૂજય શ્રીમોટાનાં સાહિત્યને ડિજીટલ સ્વરૂપે જાળવણી કરવાની અને નવી ટેકનોલોજીમાં વેબસાઈટ રજૂ કરવાના હેતુસર આશ્રમ સાથે સહયોગ કર્યો છે, જે અંગે ટ્રસ્ટીમંડળ કાર્યરત છે. તેઓશ્રીના સહયોગ થકી આજના ઉત્સવમાં આશ્રમની અપગ્રેડ કરેલી વેબસાઈટ રજૂ કરીએ છીએ. આ વેબસાઈટ તેના મૂળ સરનામે www.hariommota.org નામથી ઉપલબ્ધ છે. આ વેબસાઈટમાં પૂજય શ્રીમોટા વિરચીત તમામ સાહિત્ય, સંપાદિત પુસ્તકો, પૂજયશ્રીએ જે તે સંસ્થાઓને ભાવનાત્મક સાહિત્યના પ્રકાશનની જવાબદારી આપીને અનુદાન આપેલ અને જે પુસ્તકો પ્રકાશિત થયેલ છે (ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી) તે તમામ પુસ્તકોનો વિશાળ સંગ્રહ, પૂજયશ્રીના ફોટાઓ, ઑડિયો, વિડીયો, હરિઃૐ ધૂન, ભજનો, પ્રાર્થના, પદ્યની વિશાળ શ્રેણી, મૌનમંદિર શ્રેણીના પુસ્તકોનો ઓડિયો, વિગેરે ઘણી બધી માહિતીઓ રજૂ કરવામાં આવી છે અને તેને સરળ બનાવવામાં આવી છે. આ વેબસાઈટ અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષામાં ઉપલબ્ધ થશે. હાલમાં આ વેબસાઈટ અંગ્રેજી ભાષામાં ૧૦૦%, ગુજરાતી ભાષામાં ૭૦% ઉપલબ્ધ છે. હિન્દી ભાષામાં વેબસાઈટનું કામ શરૂ કરવાનું બાકી છે જે કામ આગામી સમયમાં પૂર્ણ કરવામાં આવશે. સ્વજનોને વેબસાઈટ અંગે પોતાનો પ્રતિભાવ આપવા વિનંતી છે.

આ પ્રોજેકટ અંતર્ગત પૂજય શ્રીમોટા વિરચીત તમામ તથા ચુનંદા સાહિત્યનો અંગ્રેજી અને હિન્દી અનુવાદ કરવામાં આવશે અને તેને વેબસાઈટ ઉપર લોડ કરવામાં આવશે. વેબસાઈટ ઉપર રજૂ કરવામાં આવનાર તમામ વિગતોને ડાઉનલોડ અને પ્રિન્ટ કરવાની સુવિધા ઉપલબ્ધ છે. વેબસાઈટમાં ઈ-બુકશોપની સુવિધા રાખવામાં આવી છે જેના થકી સ્વજનો આશ્રમના પુસ્તકોની સીધી ખરીદી કરી શકશે.

આ ઉપરાંત સ્વજનો પાસેથી મળેલાં પૂજય શ્રીમોટાના મૂળ હસ્તલિખિત સાહિત્યને તેના મૂળ સ્વરૂપે સ્કેન કરવામાં આવ્યા છે અને તેની ડિજીટલ સ્વરૂપે જાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત મૂળ પત્રોને તેના અસલ સ્વરૂપે પૌરાણિક પદ્ધતિથી, આયુર્વેદિક જડીબુટ્ટીઓનો પાસ આપીને આશ્રમમાં જાળવવામાં આવેલ છે. તે અંગે અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. સ્વજનોને તેમની પાસે રહેલાં પૂજય શ્રીમોટાના ફોટાઓ, પત્રો, ઑડિયો વિગેરે આશ્રમને આપવાં વિનંતી અને જાહેર અપીલ છે.

**॥ હરિઃૐ ॥**

## આવકજાવક પત્રક તા. ૩૧–૩–૨૦૨૨
## સરવૈયા ફંડ તથા આવકજાવક પત્રક ઊપજખર્ચના અનઑડિટેડ આંકડા :–

| ક્રમ | ખાતાનું નામ | ખુલતી સિલક<br>૧-૪-૨૦૨૧ | આવક<br>તા. ૧-૪-૨૦૨૧ થી<br>તા. ૩૧-૩-૨૦૨૨ | જાવક<br>તા. ૧-૪-૨૦૨૧ થી<br>તા. ૩૧-૩-૨૦૨૨ | બંધ સિલક<br>૩૧-૩-૨૦૨૨ |
|---|---|---|---|---|---|
| ૧. | કેળવણી ફંડ | ૨૧,૯૧,૭૮૫ | ૪૩,૭૩,૪૧૫ | ૩૫,૭૩,૭૫૦ | ૨૯,૯૧,૪૫૦ |
| ૨. | આશ્રમ કાયમી નિભાવ ફંડ | ૫૯,૭૧,૦૦૭ | ૨,૯૦,૨૫૦ | ----- | ૬૨,૬૧,૨૫૭ |
| ૩. | રમત-કલા-વીરતા-મૌલિક સંશોધન એવોર્ડ ફંડ | ૩,૯૯,૮૧૪ | ૧,૯૫,૦૬૪ | ૪,૭૬,૬૫૦ | ૧,૨૪,૨૨૮ |
| ૪. | રસોડા ફંડ/નિભાવ ફંડ | ૫૧,૪૬,૯૦૯ | ૩,૦૨,૦૯૮ | ----- | ૫૪,૪૯,૦૦૭ |
| ૫. | પુસ્તક પ્રકાશન ફંડ | ૩૭,૧૪,૨૨૨ | ૩૧,૮૫૩ | ૧,૦૧,૩૩૦ | ૩૬,૪૪,૭૪૫ |
| ૬. | ડિજીટલ સાહિત્ય ફંડ | ૧૩,૬૦૬ | ૩૬,૯૩,૪૫૪ | ૩,૪૦,૧૩૫ | ૩૩,૬૬,૯૨૫ |
| ૭. | સમાજ કલ્યાણ ફંડ | ----- | ૪૭,૬૫,૭૮૦ | ૧૦,૮૪,૦૦૦ | ૩૬,૮૧,૭૮૦ |
| | કુલ્લે... | ૧,૭૪,૩૭,૩૪૩ | ૧,૩૬,૫૧,૯૧૪ | ૫૫,૬૯,૮૬૫ | ૨,૫૫,૧૯,૩૯૨ |
| | ઊપજખર્ચ ખાતુ | --- | ૧૮,૫૬,૨૦૧ | ૨૪,૭૯,૪૭૫ | - (૬,૨૩,૨૭૪) |
| | કુલ્લે... | ૧,૭૪,૩૭,૩૪૩ | ૧,૫૫,૦૮,૧૧૫ | ૮૦,૪૯,૩૪૦ | ૨,૪૮,૯૬,૧૧૮ |

| | બેંકનું નામ | આશ્રમની થાપણો | સેવિંગ્સ ખાતા |
|---|---|---|---|
| ૧. | બેંક ઓફ બરોડા (રાંદેર) | ૧,૩૫,૬૫,૩૨૩ | ૫,૮૯,૧૩૬ |
| ૨. | બેંક ઓફ બરોડા (રામનગર) | ૧૫,૦૦,૦૦૦ | ૧૫,૧૨૨ |
| ૩. | બેંક ઓફ બરોડા (જહાંગીરપુરા) | ૬૬,૦૦,૨૦૬ | ૧,૫૮,૦૮૦ |
| ૪. | બેંક ઓફ બરોડા (ફોરેન ડોનેશન, રાંદેર) | ----- | ૭,૭૭,૭૩૪ |
| ૫. | એસ.બી.આઈ. (ફોરેન ડોનેશન, ન્યુ દિલ્હી) | ----- | ૧૬,૨૧૬ |
| | કુલ રૂા. | ૨,૧૬,૬૫,૫૨૯ | ૧૫,૫૬,૨૮૮ |

નોંધ :

(૧) રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર) કે એથી વધુ રકમના પુસ્તકોની રોકડ ખરીદી પર ૨૦% તેમજ રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) કે તેથી વધુ રકમના પુસ્તકોની રોકડ ખરીદી ઉપર ૩૦% રાહત આપવામાં આવે છે.

(૨) શૈક્ષણિક સંસ્થા/જાહેર વાંચનાલય માટે પુસ્તકોના સેટની ખરીદી પર ૫૦% રાહત આપવામાં આવે છે. આ માટે જે તે સંસ્થા/વાંચનાલયના લેટરપેડ ઉપર અરજી કરવા વિનંતી છે.

(૩) રોકડ રકમ રૂા. ૨૦૦૦/- કે તેથી વધુ રકમનું રોકડ દાન ઈન્કમટેક્ષ 80 G(5) રાહતને પાત્ર નથી.

(૪) રૂા. ૧૦,૦૦૦/- કે તેથી વધુ રકમનું દાન ચેકથી જમા કરાવનાર દાતાએ પેનકાર્ડ આપવો ફરજીયાત છે. રૂા. ૧૦,૦૦૦/- થી વધુ રકમનું દાન રોકડ સ્વરૂપે સ્વીકારમાં આવતુ નથી. ચેક આપવો ફરજીયાત છે.

(૫) પૂજ્ય શ્રીમોટાના ભાવિકજનોએ રામનવમી સાક્ષાત્કારદિન ઉત્સવની ઉજવણી માટે યજમાન તરીકે પોતાના નામની નોંધણી આગામી વર્ષ ૨૦૨૭ સુધી કરાવી દીધી છે.

**આભાર દર્શન :**

- સૌ પ્રથમ અમો આશ્રમમાં ૨૪ કલાક રહીને સેવા આપનાર સ્ટાફના સેવકોનો અંતઃકરણપૂર્વક ઘણો ઘણો આભાર માનીએ છીએ. તેઓ નિષ્ઠાપૂર્વક આશ્રમનો નિભાવ, મૌનાર્થીઓની તથા સ્વજનોની સેવા કરી રહયા છે.
- વર્ષ દરમ્યાન આશ્રમનાં સંચાલનમાં મદદ કરનાર, રસોડાનાં ભાઈઓ-બહેનો તથા રામનવમી ઉત્સવમાં સેવા આપનાર સૌ સ્વજનોના અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.
- પૂજય શ્રીમોટાનાં તમામ પુસ્તકોનું પ્રિન્ટીંગ-બાઈન્ડિંગનું કામ સાહિત્ય મુદ્રણાલય અમદાવાદના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડયા તથા તેમનો સમગ્ર સ્ટાફ ભકિતભાવે કરી રહયા છે, તેઓશ્રીની ઉત્કૃષ્ટ સેવાને કારણે જ પૂજય શ્રીમોટાનાં પુસ્તકો સમાજમાં ઘણી જ ઓછી કિંમતે વેચાણમાં મૂકી શકીએ છીએ. તેઓની અમૂલ્ય સેવા બદલ અમો તેઓશ્રીના ખૂબ ખૂબ આભારી છીએ. આ ઉપરાંત, પુસ્તક પ્રકાશનના કાર્યમાં મદદરૂપ થનાર તમામ વ્યકિતઓના અમો અંતઃકરણપૂર્વક આભારી છીએ.
- મુંબઈ સ્થિત શ્રી અજિતભાઈ ગાંધી પૂજય શ્રીમોટાના ફોટાઓનું મુદ્રણ/ફ્રેમિંગ પડતર કિંમતે કરી રહયા છે. તેમના ઉદારતાભર્યા સહકારથી જ અમો વાજબી કિંમતે ફોટાઓ ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. અમો શ્રી અજિતભાઈનો પણ ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.
- અમદાવાદ સ્થિત આદરણીયશ્રી જયંતીભાઈ જાની આશ્રમનાં પુસ્તકોનું મુદ્રણશુદ્ધિનું કર્મ નિઃસ્વાર્થ ભાવે કરી રહયા છે. તેઓની અમૂલ્ય સેવાઓ બદલ અમો તેઓશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.
- હરિઃૐ આશ્રમ નડિયાદ તેમ જ હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ પૂજય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાં મહત્ત્વનો ફાળો આપી મદદરૂપ થઈ રહયા છે. અમો તેઓનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.
- પૂજય શ્રીમોટાના સાહિત્યની જાળવણી માટે, અન્ય ભાષાઓમાં અનુવાદ અર્થે તેમજ વેબસાઈટને અપગ્રેડ કરી રજૂઆત કરવા અંગે USA સ્થિત શ્રી એન.સી.પટેલ પરિવાર તરફથી ડિજીટલ સાહિત્ય ફંડનો સહયોગ મળેલ છે. જે બાબતે ટ્રસ્ટીમંડળ શ્રી એન.સી.પટેલ પરિવારનો ખૂબ ખૂબ આભાર માને છે.
- પૂજય શ્રીમોટાના આજના ઉત્સવના યજમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, તેવા શ્રી રૂપેશભાઈ રમેશભાઈ પટેલ પરિવાર તથા જાગૃતિ એજયુકેશન ટ્રસ્ટનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. પૂજય શ્રીમોટાની કૃપાથી આપનો પરિવાર વધુ ને વધુ પ્રગતિ કરી યશસ્વી બને અને આપ સૌને સુખ, શાંતિ, આનંદની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત થાઓ એવી પૂજય શ્રીમોટાને ચરણે પ્રાર્થના કરીએ છીએ.
- પૂજય શ્રીમોટાનાં સૌ સ્વજનો/દાતાઓ, સૌ કોઈ પોતપોતાની રીતે આશ્રમને સતત મદદરૂપ થાય છે. લોકોનાં દાન વડે મૌનમંદિરોનું સંચાલન તેમ જ લોક કલ્યાણનાં વિવિધ કાર્યો અને પુસ્તક પ્રકાશનનાં કાર્યો થઈ રહયા છે. ટ્રસ્ટીમંડળ પોતાની જવાબદારી સમજે છે અને જાગૃત છે. અમો સૌ સ્વજનોએ ખૂબ નમ્રતાપૂર્વક આદરભાવે વંદન કરીએ છીએ અને સૌનો અંતકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

**રામનવમી સાક્ષાત્કારદિન ઉત્સવ,**
**તા. ૧૦/૦૪/૨૦૨૨, સંવત ૨૦૭૮**
**મુ.પો. લવાછા, તા. ઓલપાડ,**
**જિ. સુરત.**

**ટ્રસ્ટીમંડળ,**
**હરિઃૐ આશ્રમ**
**કુરૂક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,**
**જહાંગીરપુરા, રાંદેર, સુરત – ૩૯૫ ૦૦૫.**
**Ph. : 97277 33400**
**E-mail : hariommota1@gmail.com**
**Website : www.hariommota.org**